## ટૂંકી મુદતનો પ્રશ્ન

તા.૨૫/0૩/૨૦૨૧

સાબરકાંઠા જિલ્લામાં કોબિજના ભેળસેળયુક્ત બિયારણથી થયેલ નુકશાન

ટૂં.મુ.૬૮ શ્રી અશ્વિનભાઇ કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૧૫-૩-૨૦૨૧ ની સ્થિતિએ સાબરકાંઠા જીલ્લામાં કોબિજના ભેળસેળયુક્ત બિયારણના કારણે ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો છે તે હકિકતથી સરકાર વાકેફ છે, | (૧) તા.૧૫-૩-૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા જીલ્લામાં કોબિજના ખરાબ બિયારણના કારણે કોબિજના છોડને દડા પણ આવી શકે તેવી શક્યતા નથી અને ખેડૂતોનો પાક નિષ્ફળ થાય તેમ છે તેવી રજુઆત મુ.પો.-વડવાસા, તા.-પ્રાંતિજના ખેડુતોની તારીખ.૧૨-0૩-૨૦૨૧ ના રોજ મળેલ છે. |
| (૨) જો હા,તો ઉક્ત ભેળસેળયુક્ત/નકલી બિયારણ કઇ કંપનીનું હોવાનું સામે આવ્યુ, | (૨) ખેડૂતોની રજુઆત મુજબ સદર બિયારણ નામધારી સીડ્સ પ્રા.લિ. કંપનીનું છે. |
| (3) ઉક્ત કંપની દ્વારા ઉક્ત જીલ્લામાં કેટલા ખેડૂતોને ભેળસેળયુક્ત/નકલી બિયારણ વેચવામાં આવ્યું, અને | (3) નામધારી સીડ્સ પ્રા લિ કંપની. દ્વારા ફરિયાદ હેઠળનું NS-196 જાતના કોબિજનું બિયારણ સાબરકાંઠા જીલ્લાના કુલ ૯૪ ખેડૂતોને બિયારણ વેચવામાં આવેલ છે. |
| (૪) તે અન્વયે કંપની સામે શાં પગલા લીધાં ? | (૪) રજુઆત અન્વયે કૃષિ, બાગાયત ખાતાના અધિકારીઓ અને કૃષિ યુનિવર્સીટીના વૈજ્ઞાનિક દ્વારા સ્થળ તપાસ કરવામાં આવેલ છે. તેમજ ઉત્પાદક કંપનીને તથા અધિકૃત વિક્રતાઓને ફરિયાદ બાબતે લેખિત નોટીસ આપી સ્પષ્ટતા / જવાબો માંગવામાં આવેલ છે. તથા નિયમોનુસારની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. |